# ભીંડી બજાર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે સૈફી બુરહાની અપલીફ્ટમેન્ટ ટ્રસ્ટને બીએમસી દ્વારા આઈઓડીની મંજૂરી

## ▸ બાંધકામ પ્રારંભ કરવા પ્રોજેક્ટ એક પગલું આગળ



મુંબઈ, સૈફી બુરહાની અપલીફ્ટમેન્ટ ટ્રસ્ટ (SBUT) દ્વારા હાથ ધરાયેલ રૂ. ૪૦૦૦ કરોડના ભીંડી બઝાર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટને બૃહદ્ મુંબઈ મહાનગર પાલિકાએ શુક્રવારના આઈઓડી (ઈન્ટીમેશન ઓફ ડીસએપ્રુવલ) એપ્રુવલ આપી દીધેલ છે. પ્રોજેક્ટને માસ્ટર પ્લાન લેઆઉટની મંજૂરી પણ મળી ગયેલ છે. હવે કોમેન્સમેન્ટ સર્ટિફિકેટ (સીસી) મેળવવાનું છે જે માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના છે.

પ્રોજેક્ટ ૧૬.૬ એકરમાં ફેલાયેલ છે, જે મુંબઈનો સૌથી મોટો અને વિશાળ કલસ્ટર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ છે. પર્યાવરણ અને વનવિભાગ મંત્રાલય સહિત મુખ્ય તમામ મંજૂરી પ્રાપ્ત થઈ ગઈ હોવાથી પ્રોજેક્ટ જેમ બને એમ ઝડપથી હાથ ધરવાનું શક્ય બન્યું છે, એમ એસબીયુટીના સીઈઓ અબ્બાસ માસ્ટરે જણાવ્યું છે. આ પ્રોજેક્ટમાં પાર્કિંગ અને પ્લેગ્રાઉન્ડ માટે પણ વિશાળ એરિયા રહેશે. રીક્રીયેશનલ સુવિધાઓ સહિત એરિયાને હરિયાળો રાખવા પર વધુ ભાર મૂકવામાં આવશે.

અત્યાર સુધીમાં ૬૦ જર્જરિત મકાનો ભીંડી બઝારમાં તોડી પાડવામાં આવ્યાં છે. ૧૬૦૦થી વધુ પરિવારોને રહેણાંક ટ્રાન્ઝીટ ઘરોમાં સ્થળાંતર કરાયેલ છે. ૮૫% થી વધુ મકાનો ટ્રસ્ટ દ્વારા સંપાદિત કરાયેલ છે. પ્રોજેક્ટમાં હયાત ૨૫૦ મકાનોમાં ૩૨૦૦ ઘર અને ૧૨૫૦ વ્યવસાયનો સમાવેશ છે. જેમાં ૨૦,૦૦૦ જેટલા લોકોના જીવનને આવરી લેવાશે.

કલસ્ટર રીડેવલપમેન્ટ સ્કીમ જે ૨૦૦૯માં શરૂ કરાયેલ તેના કુલ ૪૬ પ્રોજેક્ટસમાંથી માત્ર થોડા જ હકીકતમાં પરિણમ્યા છે, જેમાંનો એક હવે ભીંડી બઝાર પ્રોજેક્ટ છે. ■